ते हि सन्मार्ग रक्षकाः

''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

સંપ્રદાય અને અધિકાર

:: લેખક ::

પ.ભ. ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : પ.ભ. ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૨૬-૪-૨૦૧૧

પ્રત : ૧૦૦૦

ન્યોછાવર : રૂા. ૫/-

પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

(૧) આં. પુ. વૈ. પ. ભરૂચ
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

(૨) શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.

મુદ્રક : શ્રીજી ગ્રાફીક્સ
પ્રો. રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧
ફોન : ૯૬૬૨૦૨૧૯૭૩

|| Shri Hari ||
|| Shri Dwarkesho Jayati ||

Goswami Vagishkumar
Yuvraj - Trutiya Peeth

16/4/2011



શ્રીમદ્ વાલ્લભીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
ભરૂચ શાખા.

આપના શાખા દ્વારા સંપ્રદાય અને ધાર્મિક બાબત પુસ્તિકા પ્રકાશિત થવા જઈ રહી છે તે જાણી આનંદની અનુભૂતિ થઈ રહી છે.

વિશેષમાં આ પુસ્તિકાનું સંકલન તથા લેખન પ.ભ. ડૉ. પ્રફુલભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું છે તે જાણી આનંદ દ્વિગુણિત થયો. કારણ સંપ્રદાયના [illegible] [illegible] ડૉ. પ્રફુલભાઈ દ્વારા [illegible] [illegible] [illegible] [illegible] જે સમાજમાં [illegible] આ પુસ્તક [illegible] [illegible] [illegible] [illegible] કે વધુ વાંચે આ પુસ્તક ઉપયોગી થશે. આપના શાખા દ્વારા આ પુસ્તક પ્રકાશન કરી આપ [illegible] [illegible] કાર્ય કરી રહ્યા છો. આપ સર્વે ને મંગલકામના સહ જયશ્રીકૃષ્ણ.

ભવદીય,
ગોસ્વામી વાગીશકુમાર
(કાંકરોલી)

Shri Bethak Mandir : Kevdabaug, Madanzampa Road, VADODARA - 390 001. Phone : 91-0265-2435543
Shri Dwarkadhish Mandir : Trutiya Pith Pranyas, Palace Mandir Marg, KANKROLI - 313 324. (Raj) Phone : 91-02952-230001, 230256
Shri Rajadhiraj Mandir : Rajadhiraj Marg, MATHURA - 281 001, Phone : 91-0565-2406372
URL: www.vallabhkankroli.org • www.vallabhvidyapeeth.org

શ્રી હરિઃ
શ્રી ગોપીજન વલ્લભાય નમઃ

સંપ્રદાય અને અધિકાર નામની પુસ્તિકા પ્રકાશિત થવા જઈ રહી છે. આ મંગલ અવસરે આં.પુ.વૈ.પ. ભરૂચ શાખા આનંદની લાગણી વ્યક્ત કરે છે અને સૌને ભગવદ્ સ્મરણ પાઠવે છે.

શ્રી ભાગવત પરિવાર - સત્સંગ મંડળમાં (ભરૂચ) પુષ્ટિમાર્ગના અનેક વિધ વિષયો ઉપર શ્રી આચાર્યો તથા મહાનુભાવોના વિચારો વ્યક્ત થાય છે. ડૉ. પીયૂષભાઈ પરીખ ભરૂચની વૈષ્ણવ સૃષ્ટિને માર્ગના સિંદ્ધાંતો ખૂબ જ સરળતાથી સમજાવી માર્ગ પ્રત્યેની રુચિ અને ભાવ સુદઢ થાય એ માટે પ્રયત્નશીલ રહે છે. ઘણા વૈષ્ણવો પોતાના વ્યવસાય - કામકાજમાં વ્યસ્ત હોવાના કારણે તથા સમયની અનુકૂળતા ન હોવાથી સત્સંગમાં હાજરી આપી શકતા નથી. આવા સંજોગોમાં પરિષદના વૈષ્ણવોએ જુદા જુદા વિષયો ઉપર નાની નાની પુસ્તિકા સરળ ભાષામાં તૈયાર થાય અને તેનો મહત્તમ લાભ આબાલવૃદ્ધ વૈષ્ણવો સુધી ગામે ગામ પહોંચે એ ભાવનાથી ''સંપ્રદાય અને અધિકાર'' એ વિષય પર નાની પુસ્તિકા તૈયાર કરવાનું વિચાર્યું. વૈષ્ણવ પરિષદ આ વર્ષ (૨૦૧૦-૨૦૧૧) ''શ્રીગોપીનાથજી પંચશતાબ્દી મહોત્સવ વર્ષ'' ઉજવી રહ્યું છે ત્યારે આપણા આચાર્ય શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટય મહોત્સવ દિને ચૈત્ર વદ ૧૧ સંવત ૨૦૬૭ (તા. ૨૮-૪-૨૦૧૧) આ પુસ્તક વૈષ્ણવ સમાજને પહોંચે એવો મનોરથ આપણા ઈષ્ટ શ્રીગોવર્ધનનાથજીની કૃપાથી સંપન્ન થવા જઈ રહ્યો છે. આ પુસ્તક ભરૂચ જિલ્લાના તથા

બહારગામના વૈષ્ણવો સુધી પહોંચે એવી અમો શુભકામના કરીએ છીએ.

આ પુસ્તિકા પ.પૂ.ગો. ડૉ શ્રીવાગિશકુમારજી મહોદયશ્રીના શ્રી હસ્તકમલો દ્વારા વિમોચન પામી છે તે અમારે માટે મંગલ ઘડી છે. અમે પૂ. શ્રીમાનોના સદા ઋણિ રહીશું.

આ પ્રસંગે અમે ડૉ. પીયૂષભાઈ પરીખ તથા અમારા સ્નેહી વૈષ્ણવોના પ્રતિ આભાર વ્યક્ત કરીએ છીએ.

ચૈત્ર વદ ૧૧, વિ.સં. ૨૦૬૭
વલ્લભાબ્દ ૫૩૩
તા. ૨૮-૪-૨૦૧૧

ગોવિંદભાઈ પરીખ
પ્રમુખ, આં.પુ.વૈ.પ. ભરૂચ શાખા
તથા
ભરૂચના વૈષ્ણવોના સદૈન્ય ભગવદ્ સ્મરણ

:: પુસ્તક પ્રાપ્તિ સ્થાન ::

આં. પુ. વૈ. પ. ભરૂચ શાખા
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.

આ પુસ્તિકા વિષે

ઘણા સ્થળે સાંભળવા મળ્યું કે પુષ્ટિ સંપ્રદાય એ પ્રભુની કૃપા પ્રાપ્તિનો માર્ગ છે. મહાનુભાવો પાસેથી સમજ્યો કે પ્રભુની કૃપા પ્રાપ્ત કરેલા જીવો માટે પુષ્ટિ સંપ્રદાય છે.

અહીંથી મને અધિકારનો વિચાર મળ્યો. ''પ્રભુ પ્રદત્ત કૃપા પ્રાપ્ત જીવો આ માર્ગના અધિકારી છે.'' સહજ રીતે આ માર્ગમાં ક્યાં ક્યાં અને કઈ કઈ રીતે અધિકાર સંકળાયા છે તેનું ચિંતન કરવાનો એક નમ્ર પ્રયાસ પુષ્ટિ પ્રભુએ કરાવ્યો અને આ લેખન કરાવી દીધું.

મારા આ લેખન માટે એક શાયરની બે પંક્તિ યાદ આવે છે.

શાયર તો નહીં હું લેકિન શાયરકી નજર પાયી હૈ
વો બાત કહે દેતા હું જો બાત નજર આતી હૈ.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગ વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા, શ્રીજી ગ્રાફીક્સના રાકેશ મસાણી, મુખ્ય મનોરથી શ્રી કિશોરભાઈ શાહ તથા તન, મન, ધનથી સેવા આપનાર દરેકનો આભારી છું.

ડૉ. પીયૂષના
શ્રીવલ્લભની બિંદુ સૃષ્ટિને દંડવત્ પ્રણામ
અને નાદ સૃષ્ટિને
ભગવદ્ સ્મરણ

।। શ્રી હરિઃ ।।
।। શ્રી વલ્લભઃ ।।

સંપ્રદાય અને અધિકાર

સંપ્રદાય એટલે શું ?

સંપ્રદાય શબ્દ સમ્ + પ્ર + દા + ધઞથી બને છે.

સમ્ - સમ્યક, સારી રીતે, ભગવાનની આજ્ઞાથી જીવો ઉપર દયા કરીને વેદના સારરૂપ, શિષ્યપરંપરાથી પ્રાપ્ત થયેલું હોય તે સમ્યક્.

પ્ર - પ્રકૃષ્ટ

દા - દાન

ધઞ - ભાવથી થતું

ભગવાનની આજ્ઞાથી જીવો પર દયા કરવા માટે, પરંપરાથી પ્રાપ્ત થયેલું, પ્રકૃષ્ટ (ભાવથી થતું) દાન સંપ્રદાય છે. તે માર્ગ પણ કહેવાય છે. આમ, સંપ્રદાયમાં ગુરુ-શિષ્ય પરંપરાગત રીતનું સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાન અને ભાવથી થતું દાન દેખાય છે. અનેક સંપ્રદાય શાસ્ત્ર થતા લોકમાં પ્રસિદ્ધ છે.

અધિકાર :

પ્રભુએ જીવોને પ્રકટ કર્યા. આ વખતે પ્રભુએ વિચાર્યું કે અમુક જીવોને અમુક કાર્ય કરાવી અમુક સમયે અમુક ફલ આપીશ. આ વિચાર સૌને માટે અધિકાર રૂપ છે.

અધિકાર બે પ્રાકરના છે. (૧) બાહ્ય-લૌકિક (૨) આંતર.

(૧) બાહ્ય-લૌકિક અધિકારનો સંબંધ વય, સંબંધ, પદ વગેરે સાથે છે. બાહ્ય-લૌકિક અધિકારની ઈચ્છાવાળાએ ક્વચિત્ કોઈની સાથે ઘર્ષણમાં આવવું પડે છે.

(૨) આંતર અધિકાર : અંતઃકરણની સ્થિતિ રૂપ છે. આવો અધિકાર વ્યક્તિના વિકારને દૂર કરે છે. વ્યક્તિનો વિકાસ કરે છે. જ્ઞાનરૂપી પ્રકાશ આપે છે. આત્મીયતા સાધે છે.

અધિકાર પ્રમાણે જીવને સઘળું પ્રાપ્ત થાય છે. અધિકાર વિનાનો માનવી ક્રિયા કરે છે પણ જે ફળ મળવું જોઈએ તે મળતું નથી.

વૈષ્ણવ સંપ્રદાય : ચાર પ્રકારના છે.

ભગવાનની આજ્ઞાથી રુદ્ર, લક્ષ્મીજી, બ્રહ્માજી અને સનતકુમારોએ તે પ્રસિદ્ધ કર્યા. કાલક્રમે તેનો લોપ થતાં, ભગવાનની ઈચ્છાથી પુનઃ તેનું સમર્થન ક્રમશઃ શ્રી વિષ્ણુસ્વામી, શ્રી રામાનુજાચાર્ય, શ્રી મધ્વાચાર્ય અને શ્રી નિમ્બકાચાર્યે કર્યું. આમાંથી શ્રી વિષ્ણુસ્વામીની ગાદી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સ્વીકારી. વિષ્ણુસ્વામીનો તામસ મત છે. શ્રીવલ્લભાચાર્યજીનો નિર્ગુણ મત છે.

સાકાર બ્રહ્મવાદ સ્થાપક શ્રીવલ્લભ

શ્રી સર્વોત્તમમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૮માં નામ - સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકઃ નામ પરના વિવરણમાં તૃતીય પીઠાધીશ નિ.લી. પ.પૂ.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી આજ્ઞા કરે છે - પરબ્રહ્મ સ્વરૂપના ''આનંદમાત્ર કરપાદ મુખોદરાદિ''થી બ્રહ્મનું સાકાર સ્વરૂપ અને આ સાકાર સ્વરૂપની લીલાઓ, પરબ્રહ્મ સ્વરૂપમાં શ્રી આચાર્યજી સિદ્ધ કરી બતાવે છે. આ પ્રકારના બ્રહ્મવાદની સ્થાપના આપે સર્વ પ્રથમ વિદ્યાનગરની વિદ્વત્ સભામાં કરી, અન્ય વિદ્વાનો પર વિજય પ્રાપ્ત કર્યો.

રુદ્ર પરંપરા અને શ્રીવિષ્ણુસ્વામી સંપ્રદાય :

આ સાકાર બ્રહ્મવાદની સ્થાપના વિષ્ણુસ્વામીના સિદ્ધાંત અનુસાર આપે કરી અને આ વિદ્વત્ સભામાં વિષ્ણુસ્વામી સંપ્રદાયની પુનઃ સ્થાપના કરી તેવો ઉલ્લેખ ''સંપ્રદાય કલ્પદ્રુમ'' અને ''પ્રદીપ'' આદિ ગ્રંથોમાં છે.

રુદ્રની આ પરંપરાનું પ્રમાણ આપશ્રીના સર્વોત્તમજીના ૧૦૧માં માયાવાદાખ્યતૂલાગ્નિ નામ પર તૃતીય પીઠાધીશ નિ.લી. પૂ.પા. ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીના વિવરણ પરથી મળે છે. આપશ્રી આજ્ઞા કરે છે - ભાષ્યાદિ રચના બાદ કાશીમાં શ્રી વિશ્વેશ્વરની સમ્મતિથી ''પત્રાવલંબન'' ગ્રંથ લખી આપશ્રીએ વિશ્વનાથ મંદિરના દ્વાર ઉપર લટકાવ્યો. શ્રી વિશ્વનાથજીની સમ્મતિ લેવાનું કારણ એ છે કે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મૂળ આચાર્ય સ્વયં શ્રીશંકરભવાન છે અને તેથી બ્રહ્મવાદના સિદ્ધાંતોમાં ક્યાંય

અંતરના આવી જાય તેટલા માટે શ્રીવિશ્વનાથજીની પ્રેરણાથી આપશ્રીએ પત્રાવલંબન ગ્રંથનું નિર્માણ કર્યું.

શ્રીઆચાર્યચરણો આ ગ્રંથમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે કે - दिंदुस्तु वादिता द्वारि विश्वेशस्य मयात्र हि ।

પુષ્ટિભક્તિમાર્ગની ગુરુપરંપરા :

પુષ્ટિ પુલિન ગ્રંથ સંપાદક શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી (પાન નં. ૨૧૪ પર) પુષ્ટિ ભક્તિમાર્ગની ગુરુપરંપરામાં લખે છે કે ''આચિનોતિ હિ શાસ્ત્રાર્થનાચારે સ્થાપયત્યપિ । સ્વયમાચરતે યસ્માત્તસ્માદાચાર્ય ઈરિતઃ ।। શાસ્ત્રાર્થ નિશ્ચિત કરે, આચારમાં પણ સ્થાપે, સ્વયં આચરે તે આચાર્ય કહેવાય છે. આવી આચાર્ય પરંપરા પ્રસિદ્ધ કહેવાય છે.

''આદૌ શ્રીપુરુષોત્તમં પુરહરં શ્રીનારદાખ્યં મુનિ
કૃષ્ણં વ્યાસગુરું શુકં તદનું વિષ્ણુસ્વામિનં દ્રાવિડમ્ ।
તચ્છિષ્યં કિલ બિલ્વમંગલમહં વન્દે મહાયોગિનં
શ્રીમદ્વલ્લભનામધામ ભજેડસ્મત્સમ્પ્રદાયાધિપમ્ ।।''

પુરુષોત્તમ (શ્રીકૃષ્ણ) - મહાદેવ (રુદ્ર) નારદજી-વ્યાસજી (કૃષ્ણદ્વૈપાયન) - શ્રીશુકદેવજી - વિષ્ણુસ્વામી દ્રાવિડ - બિલ્વમંગલ - શ્રીવલ્લભાચાર્યજી. આવી પરંપરા તો વિષ્ણુસ્વામી-મતાનુવર્તી રૂપે શુદ્ધાદ્વૈત-બ્રહ્મવાદ વિષયમાં કે તેમની ગાદીના સ્વીકારથી સંભવે છે, પુષ્ટિ ભક્તિમાર્ગમાં તો નહિ જ. શ્રી મહાપ્રભુજીએ તો સ્વયં પોતાની આ પુષ્ટિ પરંપરા સ્પષ્ટ કહી છે - ''સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદ્ક્ષરશ ઉચ્યતે ।'' -

''સિદ્ધાંતરહસ્યમ્'' (૧) સાક્ષાત્ ભગવાન્ પુરુષોત્તમ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણથી - શ્રીમદ્‌વલ્લભાચાર્યજી! આ ગૌરવ છે. - પુષ્ટિ ભક્તિમાર્ગનું ! વિષ્ણુસ્વામીથી પોતાના ભક્તિમાર્ગની ભિન્નતા શ્રીમહાપ્રભુજીએ પોતે કહી છે. વિષ્ણુસ્વામી પ્રતિપાદિત ભક્તિમાર્ગ તામસ છે. શ્રી મહાપ્રભુજી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનો પ્રતિપાદિત ભક્તિમાર્ગ નિર્ગુણ છે. ''ભેદઃ પારમાર્થિક ઈતિ શાસ્ત્રં પુરસ્કૃત્ય ત્રિવિધો ભક્તિ-યોગ ઉક્તઃ । તે ચ સાંપ્રતં વિષ્ણુસ્વામ્યનુસારિણઃ તત્ત્વાદિનઃ રામાનુજાશ્ચેતિ તમોરજઃ સત્ત્વૈર્ભિન્નઃ । અસ્મત્પ્રતિપાદિતશ્ચ નૈર્ગુણ્યઃ ।'' શ્રી સુબોધીની (૩-૩૨-૩૭)

પુષ્ટિલીલા કર્તા શ્રીવલ્લભ :

શ્રીવલ્લભાચાર્યજીના વૈષ્ણવ સંપ્રદાયમાં તત્ત્વજ્ઞાન રૂપે શુદ્ધાદ્વૈત સાકાર બ્રહ્મવાદ છે. (સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ) આચાર પક્ષે પુષ્ટિમાર્ગ છે. શ્રી સર્વોત્તમજીનું ૭૯મું નામ પુષ્ટિલીલાકર્તા છે. આપશ્રી પુષ્ટિલીલા કરવાવાળા છો. આ નામના વિવરણમાં નિ.લી. પૂ.પા.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી આજ્ઞા કરે છે - શ્રી આચાર્યજીએ ગોકુળમાં બિરાજી પુષ્ટિલીલા પ્રગટ કરી તેનું અનુસરણ કરે છે. પુષ્ટિલીલામાં પ્રથમ લીલા જન્માષ્ટમીનો ઉત્સવ છે. શ્રીઆચાર્યજીએ જન્માષ્ટમીના ઉત્સવ પર ગોકુળ બડીબેઠકમાં શ્રીનવનીતપ્રિયાજીને પલને ઝુલાવવાનો મનોરથ કર્યો. નવનીતપ્રિયાજીને એક વસ્ત્રમાં પધરાવ્યા. વસ્ત્રનો એક છેડો દામોદરદાસ હરસાનીએ પકડયો, બીજો છેડો કૃષ્ણદાસમેઘને ઝાલ્યો. આ રીતના સુવર્ણસુષ્ઠુ સુંદર ભાવાત્મક

વર્ણના વસ્ત્રમાં શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીને ઝૂલાવ્યા - ગજ્જનધાવને સનમુખ નૃત્ય કર્યું ત્યાં હાજર રહેલા તમામ સેવકોને આપે આ વખતે દર્શન કરાવી શ્રી નવનીતપ્રિયાજી સોનાના પાલને ઝૂલે છે, શ્રી યશોદાજી ઝૂલાવે છે, શ્રી નંદરાયજી, ગોપી-ગ્વાલ વગેરે સર્વે નંદમહોત્સવ કરી રહ્યા છે તેવો અનુભવ આપશ્રીએ કૃપા કરી કરાવ્યો.

શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા પુષ્ટિ સંપ્રદાયની આ અદ્ભુતતા છે, વિશિષ્ટતા છે.

લોક અને વેદમાં અધિકાર :

લૌકિક પ્રસંગો પ્રચુરમાત્રામાં આપણી આજુબાજુ થતા જ હોય છે. કેટલાકમાં આપણી હાજરી પણ હોય છે. લગ્ન વગેરે પ્રસંગોમાં સગા તરીકે કે સંબંધી તરીકે આપણો અધિકાર વિચારીને જ આપણને આમંત્રણ મળે છે ને? મોટી ભરાતી સભાઓમાં અધ્યક્ષ વગેરે પદો પર જે તે અધિકારવાળાને જ નિમવામાં આવે છે ને? કૉલેજમાં ભણવા એસ.એસ.સી. પાસ થયાનો અધિકાર જરૂરી બને છે ને? કર્મકાંડની ક્રિયાઓ કે વૈદિક વિધિઓ પણ અમુક અધિકારવાળા જ કરાવી શકે છે ને? પ્રભુના નિઃશ્વાસમાંથી પ્રકટ થયેલા વેદોમાં પણ જ્યાં બધાનો અધિકાર નથી, શ્રી વ્યાસજીએ આથી બધાના અધિકારનો વિચાર કરી મહાભારત ગ્રંથની રચના કરવી પડી. શ્રી વ્યાસજીનો અધિકાર પણ કેવો? આટલી બધી રચનાઓ પછી પણ કંઈક ખૂટતું હોય તેવું લાગે અને સમાધિમાં શ્રીભાગવતનાં દર્શનથી કૃતાર્થ થાય.

વ્યાસપુત્ર શુકજીનો અધિકાર કેવો ? કે શ્રીવ્યાસજીએ લખવું પડે.

નિગમ કલ્પતર્રોગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્
પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા - ભુવિભાવુકાઃ
(શ્રીભાગવત ૧-૧-૩)

આ ભાગવતના ઉત્તમ શ્રોતા પરીક્ષિતને શુકદેવજીએ દાન, માન, હોરીની લીલા નથી કહી . આમ પુષ્ટિ સંપ્રદાય અને અધિકારનો વિચાર આવ્યો.

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણ અને શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથક્ષમઃ શ્રીવલ્લભ

પુષ્ટિમાર્ગ પ્રકટ કરવા શ્રીવલ્લભે ભાગવતરૂપી અમૃતનું મંથન કર્યું છે. ભાગવતમાં ગુપ્ત રીતે બિરાજતા આ માર્ગને બીજાકોઈ આચાર્યો પ્રકટ ન કરી શક્યા. કારણ કે પ્રભુએ આચાર્યોને એ અધિકાર નહોતો આપ્યો. શ્રીવલ્લભને તો આ અધિકાર પ્રભુએ આપ્યો જ છે. શ્રીમતી સુબોધિનીના આરંભે મંગલાચરણના શ્લોકમાં શ્રીઆચાર્યચરણો જણાવે છે કે ‘‘અર્થં તસ્યવિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરાદ્વાક્પતે રન્યસ્તાત્રવિધાય માનુષતનુંમાં વ્યાસવચ્છ્રીપતેઃ । દત્વાજ્ઞાં મા ચ લોકે કૃપાવલોકનપટુર્યસ્માદતોઽહં મુદા ગૂઢાર્થ પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ (સુબો. ૧-૧- કારિકા) અર્થાત્ જીવોના પરમ કલ્યાણ માટે ભગવાનના જ્ઞાનાવતાર શ્રી વ્યાસજીએ અલૌકિક અર્થોથી સભર એવા શ્રી ભગાવત શાસ્ત્રની રચના કરી પરંતુ પરમ કલ્યાણકારી અર્થ ભાગવતમાં ગૂઢતાથી

ઊંડાણમાં છૂપાયેલો હોઈ તે અર્થ પ્રકટ ન થાય ત્યાં સુધી જીવોની પ્રવૃત્તિ ભાગવત માર્ગે થાય નહિ અને ભાગવત માર્ગે (ભાગવતમાં દર્શાવેલા માર્ગે) ચાલ્યા વિના જીવોનું પરમ કલ્યાણ આ કલિકાલમાં શક્ય ન હોવાથી કલિકાલના પ્રવાહમાં વહી રહેલા અને બીજા બીજા માર્ગે વળી જઈ ભ્રાંતિથી આમાં જ અમારું કલ્યાણ છે તેમ માની બેઠેલા દૈવીજીવોનું કલિકાલમાં પણ પરમ કલ્યાણ થાઓ તેવી અતિશય કૃપાપૂર્વક ઈચ્છા કરતાં શ્રીભગવાને મને ભૂતલ પર જઈ શ્રીભાગવતના ગુઢઅર્થને પ્રકટ કરવાની આજ્ઞા કરી તેથી તે શ્રીભગવાનની આજ્ઞા અનુસાર મનુષ્યરૂપે આ ભૂતલ પર જન્મીને ભગવાનની ઈચ્છા - આજ્ઞા અનુસાર આ સુબોધિની ટીકા દ્વારા વિષ્ણુરૂપ વ્યાસજીના મતે સંમત તેમને અભીષ્ટ થાય તે મુજબ શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરીશ (જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી - ચરિત્ર ઉપદેશસાર - ગ્રંથો - લેખિકા પૂ.અ.સૌ. વ્રજલતા વહુજી, વડોદરાના પુસ્તકમાંથી આ અર્થ લીધો છે). શ્રીગુસાંઈજી આથી જ શ્રીસર્વોત્તમજીમાં શ્રીમહાપ્રભુજીને ''શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ'' કહે છે (૪૧)મું નામ અને સતામું નામ ''શ્રીભાગવત ગૂઢાર્થપ્રકાશનપરાયણઃ'' કહે છે.

પ્રભુની આજ્ઞાથી પ્રભુ લીલાનો અનુભવ કરાવવા પ્રકટ થનારા શ્રીવલ્લભ :

''શ્રી વલ્લભાષ્ટકમ્''માં પ્રથમ શ્લોકમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે -

શ્રીમદ્‌વૃન્દાવનેન્દુ પ્રકટિત રસિકાનન્દ સન્દોહરુપ
સ્ફૂર્જદ્રાસાદિલીલામૃત જલધિભરાક્રાંત સર્વોપિશશ્વત્ ।।
તસ્યૈવાત્માનુભાવ પ્રકટન હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિ રતિ કરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્ ।।

અર્થાત્, શ્રીમદ્ વૃન્દાવનના ચંદ્રે એટલે સાક્ષાત્ રસરુપ પૂર્ણપુરુષોત્તમ શ્રી કૃષ્ણચંદ્રે - રસિક ભક્તોને વિષે જે આનંદ પ્રકટ કર્યો તે આનંદના તાત્પર્યરૂપ શ્રીમહાપ્રભુજી છે, વળી રાસ વગેરે એટલે વનવિહાર, જળવિહાર, કુંજવિહાર વગેરે લીલાઓના મહાસાગરોના સમહૂથી સદા જ સદા સર્વ રીતે જેનાં સર્વઅંગો - દેહ, પ્રાણ ઈન્દ્રિયો, અંતઃકરણ વગેરે ઉછળી રહ્યા છે - તરબોળ થઈ રહ્યા છે એવા જે શ્રીમહાપ્રભુજી પ્રભુની આજ્ઞાથી પોતાનો લીલાત્મક અનુભવ પ્રકટ કરવા માટે પૃથ્વી ઉપર દૈવીજીવો ઉપર અતિકરુણા કરવા માટે દિવ્ય દેહ ધારણ કરીને પ્રકટ થયા, તે અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું શરણે જાઉં છું.

આમ, પ્રભુ પ્રદત્ત અધિકારથી શોભતા શ્રીમહાપ્રભુજી પ્રકટિત, પુષ્ટિમાર્ગ અને અધિકારનો વિચાર કર્યો છે.

શ્રીભાગવત વિચાર :

જે માર્ગના મૂળમાં શ્રીભાગવત છે તેના વિષે વિચારીએ તો પદ્મપૂરાણ મહાત્મ્યમાં કહ્યું : ૩ -૪૪ દુર્લભૈવ કથા લોકે શ્રીમદ્‌ભાગવતો દ્‌ભવા કોટિજન્મસમુત્થેન પુણ્યેનૈવ તુ લભ્યતે ।

સંસારમાં શ્રીભાગવતની કથા મળવી અવશ્ય કઠિન છે, જ્યારે કરોડો જન્મોના પૂણ્યનો ઉદય થાય ત્યારે તેની પ્રાપ્તિ થાય છે. શ્રીભાગવત કથામૃતમાં દેવોનો પણ અધિકાર નથી. દેવતાઓને પોતાના અમૃતના બદલામાં ભાગવત કથામૃત જોઈતું હતું. શ્રીશુકદેવજીએ તેમને હસી નાખ્યા. (મહાત્મ્ય અધ્યાય ૧-૧૩ થી ૧૭ શ્લોકો) મહાત્મ્યના ૬ઠ્ઠા અધ્યાયના ૮૩માં શ્લોકમાં - શિવ, બ્રહ્મા આદિનો પણ ભાગવત રસમાં અધિકાર નથી તેમ કહ્યું છે. આવા શ્રીમદ્‌ભાગવતમાંથી પ્રકટેલા પુષ્ટિમાર્ગ માટે શ્રી ગોપાલદાસભાઈ ગાય છે :

‘‘એવો માર્ગ શ્રીવલ્લભ વરનો રે,
જ્યાં નહિ પ્રવેશ વિધિ-હરનો રે’’ (વલ્લભાખ્યાન ૫-૭)

આથી આવા ઉત્કૃષ્ટ સંપ્રદાય અને અધિકારનો વિચાર કર્યો છે.

શ્રી ભાગવતમાં અધિકાર :

આચાર્યચરણોએ પોતાનો માર્ગ પ્રકટ કરવા વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીભાગવતનો પ્રસ્થાન તરીકે ઉપયોગ કર્યો. જે ભાગવતને શ્રેષ્ઠ કહ્યું તે ભાગવતમાં પણ પ્રથમ પ્રકરણ જ અધિકાર લીલા છે. ત્યાં ઉત્તમ, મધ્યમ અને હીન અધિકારી શ્રોતા વક્તાઓનું નિરૂપણ કર્યું છે. ત્રણેયનાં લક્ષણો બતાવ્યા છે. શ્રી ભાગવત કહેવા અને સાંભળવા કમસે કમ સૂતજી અને શૌનકજી જેટલો તો અધિકાર હોવો જ જોઈએ. સંસારીઓમાં તે ક્યાંથી હોય? સંસારિણાં કરુણયાહ પુરાણ ગુહ્યં.... શ્રી શુકદેવજીની કરુણાથી સંસારીઓને અધિકાર મળ્યો છે.

શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં પ્રથમ સ્કન્ધ વિચારમાં આચાર્યચરણો આજ્ઞા કરે છે :

હવે પ્રથમ સ્કન્ધના અર્થનો વિચાર કરવાનો છે. આગળ સ્કન્ધ સંખ્યાના વિચારમાં અધિકાર એ પ્રથમ સ્કન્ધનો અર્થ છે. એમ કહેવામાં આવ્યું છે. ત્યાં ઉપક્રમ અને ઉપસંહારમાં શુશ્રુષા વગેરેથી, એઓના પ્રસંગથી અને વક્તાના જ્ઞાન વગેરેથી, શ્રોતા અને વક્તાનો અધિકાર એજ પ્રથમ સ્કન્ધનો અર્થ છે. એ સ્વરૂપનું વહન કરનાર છે. શુશ્રૂષા વગેરેનો જો અભાવ હોય તો શ્રવણ અને કીર્તન જ ઊભાં ન થાય. આમ હોવાથી અધિકારના અભાવમાં સ્વરૂપ, અર્થજ્ઞાન અને અભિપ્રાય જ્ઞાન સંભવે જ નહિ.

શ્રોતા-વક્તા બંનેનો વિચાર કરતાં સૂક્ષ્મપણે જોતાં અધિકાર ઓગણીસ પ્રકારનો છે. મુખ્યતઃ અધિકાર ત્રણ પ્રકારના છે : (૧) સાધારણ (૨) અસાધારણ (૩) નિર્ગુણ. એમાં સાધારણ નવ પ્રકારનો, અસાધારણ પણ નવ પ્રકારનો અને નિર્ગુણ તો એકવિધ જ છે. જિજ્ઞાસા, અમાત્સર્ય શ્રવણમાં આદર, ત્રણ પ્કરાની ભગવદીયતા અને ત્રણ પ્રકારની શુદ્ધિ, આવી સાધારણ કોટી છે. તેમ જ પ્રભુએ કહેલાં ત્રણ સુખ ત્રણ મુક્તિ, બે સામર્થ્ય અને ધર્મોન્નતિ એમ નવ પ્રકાર અસાધારણ કોટિના અને ભગવાનમાં એકતાન રૂપ એક પ્રકારનો નિર્ગુણ - આ પ્રમાણે અધ્યાયના અર્થોથી કરવામાં અવેલો આ પ્રકરણ વિભાગ છે. અર્થાત્ આ અધિકાર અધ્યાયના અર્થ માટે છે એમ જણાવ્યું.

શ્રીમદ્ ભાગવતના શ્રવણની ઈચ્છાવાળો દરેકે દરેક અધિકારી છે. પછી ભલે જાતિ વગેરે ગુણથી રહિત હોય. શ્રોતાઓને તરત જ શ્રીમદ્ ભાગવત ન કહેવાય. એના હૃદયને ખૂબ તપાસીને કહેવાય.

સામાન્યતો બુભત્સાં હિ વક્તાઃવાચ્યતિ સ્વયમ્ ।।૨૪।।
ઉત્કણ્ઠા ચેત્તતોऽપિ સ્યાત્ કથા પ્રક્ષેપણં તતઃ
તતો વિશેષ પ્રશ્નશ્ચેદ્વાચ્યં રીતિરિયં સદા ।।૨૫।।

જ્યારે કૃષ્ણ સંબંધી પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે સંક્ષેપમાં ઉત્તર આપી, સાધારણ રીતે વક્તા, શ્રોતાઓની જિજ્ઞાસા પોતે વારે છે. શ્રોતાઓને તેથી પણ વિશેષ ઉત્કંઠા થાય છે. ત્યારે કથા કહેવાય છે. એમાંય જો વિશેષ પ્રશ્ન કરવામાં આવે છે, ત્યારે તેનો ખુલાસો કરવામાં આવે છે. આ જ નિત્યની રીતિ છે.

દૈવોદ્ધારપ્રયત્નાત્મા શ્રીવલ્લભ :

શ્રીમહાપ્રભુજીનું ભૂતલે પધારવાનું એક બીજું કારણ છે, દૈવીજીવોનો ઉદ્ધાર કરવો. સર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજી આપશ્રીને ‘‘દૈવોદ્ધારપ્રયત્નાત્મા’’ કહે છે (૫મું નામ). શ્રીવલ્લભાખ્યાનમાં શ્રી ગોપાલદાસજી કહે છે -

‘‘ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં,
ઈચ્છા કરી હરિ સાર;
તેણે હેતે આપો પેં પ્રગટ્યા,
શ્રીવલ્લભ રાજકુમાર’’ (વલ્લભાખ્યાન ૧-૨૩)

આમ દૈવી જીવો આ માર્ગના અધિકારી છે તે નિશ્ચિત થાય છે.

જુદા જુદા માર્ગો પર ચાલનારા જીવો :

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી ભગવાન સુધી પહોંચવા, હિન્દુ ધર્મમાં બે મુખ્ય માર્ગો બતાવે છે. (૧) મર્યાદામાર્ગ (૨) પુષ્ટિમાર્ગ. ત્રીજો પણ એક માર્ગ છે જેનાં પ્રવાસીઓ કદી ભગવાન સુધી પહોંચતા નથી. જન્મ-મરણના ફેરામાં અટવાય છે. તે પ્રવાહ માર્ગ છે. મર્યાદામાર્ગમાં પણ ત્રણ મુખ્ય પેટા માર્ગો છે. - (૧) કર્મ (૨) જ્ઞાન અને (૩) ભક્તિ. જુદા જુદા માર્ગો પર ચાલનારા જીવો બહારથી એક જ સરખા દેખાતા હોવા છતાં જન્મથી, સ્વભાવથી, તેમની ક્રિયાઓથી અને તેમને મળતાં ફળથી અલગ-અલગ પ્રકારના છે.

પુષ્ટિપ્રવાહ મર્યાદા વિશેષેણ પૃથક્ પૃથક્
જીવ દેહ ક્રિયાભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ ।।૧।।
વક્ષ્યામિ સર્વસંદેહા । ન ભવિષ્યન્તિ યચ્છ્રુતેઃ ।।૧$^{૧}/_{૨}$ ।।

શ્રીગીતામાં દૈવ - આસુર બે પ્રકારની જીવ સૃષ્ટિ કહી છે. તેમાં આસુર સૃષ્ટિ તે પ્રવાહ માર્ગ - દૈવી સૃષ્ટિ બે પ્રકારની છે તેમ શ્રીમહાપ્રભુજી કહે છે - ૧. મર્યાદા ૨. પુષ્ટિ. વિચિત્ર લીલા કરવાની ઈચ્છાથી, ભગવાને મન વડે પ્રવાહી સૃષ્ટિ ઉત્પન્ન કરી. આ જીવો કોઈ મર્યાદા વગર માત્ર મનમાને તેમ મહાલતા થયા.

મનઃ સંતોષ પૂર્વક, વાણી વડે, ભગવાને મર્યાદા સૃષ્ટિ સર્જી

આ જીવો મનને બુદ્ધિથી શાસ્ત્ર મર્યાદામાં રાખી જીવનારા થયા. ભગવાને સ્વતંત્ર લીલા ઈચ્છાથી મનો-વાણી પૂર્વક આનંદમય સ્વરૂપ વડે પુષ્ટિ સૃષ્ટિ પ્રકટ કરી આ જીવો ભક્તિ પૂર્વક મન, વાણી, બુદ્ધિ સહિત ભગવત્સ્વરૂપ સેવા માટે જીવનારા થયા. ચોથા પ્રકારના ચર્ષણી જીવો પણ છે, જેની રુચી ક્યાંય હોતી નથી, સ્થિરતા ક્યાંય હોત નથી. બધે ભટક્યા કરે છે. આસુરી જીવોનો અધિકાર પ્રવાહ માર્ગમાં, પુષ્ટિ જીવોનો અધિકાર પુષ્ટિમાર્ગમાં અને મર્યાદાા જીવોનો અધિકાર મર્યાદા ભક્તિમાર્ગમાં પ્રભુએ નિશ્ચિત કર્યો છે. ભગવાને જીવ સૃષ્ટિના આરંભથી સૌ માટે હિતનો વિચાર કરી રાખ્યો છે. ''આ જીવને આવો (દેવ, માનવ, દાનવ) બનાવીને આ ફલ દઈશ.'' આ વિચાર સૂક્ષ્મ વાસના રૂપે છે. જીવને તે સૂક્ષ્મ દેહમાં પ્રવેશ કરાવે છે. તેનાથી જીવ દેહને પોતાનો જાણીને સ્થૂલ દેહમાં પ્રવેશ કરે છે.

વિશિષ્ટ પુષ્ટિભક્તિમાર્ગ :

મુખ્ય ત્રણ માર્ગોમાં પુષ્ટિભક્તિમાર્ગ વિશિષ્ટ છે. શ્રીમહાપ્રભુજીએ તે નવો - નિર્મૂલ નતી કહ્યો, મૌલિક શાસ્ત્રોક્ત કહ્યો છે. પરબ્રહ્મ ભગવાન કૃષ્ણ સનાતન છે. તેનુ પ્રતિપાદન કરતાં વેદ સનાતન છે. વેદમાં કહેલ ''યમેવૈષ વૃણુતે'' (મુંડક (૩-૨૩)) વરણ-પુષ્ટિ, કૃષ્ણનો અસાધારણ-ધર્મ છે. તે પણ

સનાતન ધર્મ છે. આમ, પુષ્ટિમાર્ગ પણ કૃષ્ણની અને કૃપાની સનાતનતાથી સનાતન જ છે. **જગતમાં બધા જીવો પુષ્ટિમાર્ગીય હોઈ શકતા નથી,** કોઈક જ હોય છે.

સિંહણ કેરું દૂધ હોય તે, સિંહણ સુતને જરે,
કનક પાત્રપાખે સૌ, ધાતુ ફોડીને નિસરે.

પુષ્ટિભક્તિમાર્ગના જીવો :

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં શ્રીઆચાર્યો કહે છે ''પુષ્ટિ સૃષ્ટિ ભગવાનના શ્રીવિગ્રહથી બની છે અને માત્ર પ્રભુની જ સેવા અર્થે તે છે.'' આત્મભાવિત ભગવાન જ્યારે જેના પર કૃપા કરે, ત્યારે તે જીવ લોકવેદમાં પરિનિષ્ઠિત બુદ્ધિને છોડે છે.

''યદા યસ્માનુગૃહ્ણાતિ ભગવાનાત્મભાવિતઃ ।
સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્ ।।
શ્રીભાગવત (૪-૨૯-૪૬)

પુષ્ટિ ભક્તિમાર્ગના પ્રવાસીઓ કૃષ્ણનિષ્ઠાવાળા જ હોય છે. શુદ્ધ પુષ્ટિ ભક્તિનું સ્વરૂપ નારદપંચ રાત્ર ગ્રંથમાં છે. માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદઢઃ સર્વતોધિક સ્નેહો ભક્તિ રીતિ ખ્યાતસ્તયા મુક્તિર્ન ચાન્યથા।।

આ મુજબ જીવને સૌ પહેલા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય તે સ્નેહ સુદઢ અને પોતાના આત્માથી એ ભગવાનને અધિક પ્રિય સમજનારો બને ત્યારે તેને ભક્તિ કહેવાય. અહીં ભક્તિનું મુખ્ય લક્ષણ પ્રેમ છે તેથી તે પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. આથી

જ સર્વભક્તિ માર્ગોમાં પુષ્ટિમાર્ગ શ્રેષ્ઠ છે. **જ્યારે ભગવાન કોઈ જીવાત્મા પર કૃપા કરે ત્યારે જ તેને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળે છે.** આથી ગીતામાં યાજ્ઞા છે - હે અર્જુન ! તને જેવાં મારા દર્શન થયા તેવા દર્શન વેદોના અભ્યાસ કરવાથી, તપથી, દાનથી કે યજ્ઞથી થવા શક્ય નથી. મારી કૃપાથી જ મારા અનન્ય ભક્તોને હું મારું દર્શન કરાવું છું. આમ કેવળ પુષ્ટિભક્તિથી જ ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય છે.

આથી જ આવા શ્રેષ્ઠમાર્ગ અને અધિકારનો વિચાર કર્યો છે. ઉપર વિચારેલા ત્રણે જીવોને શ્રીમહાપ્રભુજી નિત્ય માને છે. અર્થાત્ જીવને શરૂઆતથી જે લિંગદેહ મળ્યો ત નાશ નથી પામતો - મૃત્યુ પછી પણ તે આત્માની સાથે જ રહે છે. જીવ સૂક્ષ્મદેહ સાથે જ સ્થૂલદેહમાં પ્રવેશ કરે છે. આથી જ પુષ્ટિમાર્ગના જીવો મૃત્યુ પછી પણ પુષ્ટિમાર્ગ અનુરૂપ નવોદેહ ધારણ કરે છે. (શ્રી રમેશભાઈ પરીખ પુ.પ્ર.મ. પાન ૨૫૭)

પુષ્ટિજીવો અને સ્થાયી રુચિ :

પુષ્ટિ ભક્તિમાર્ગીય ફળ આપવાની ઈચ્છા થતાં જીવ પર કૃપા વિચારીને ભગવાન તેની અંદર પુષ્ટિભક્તિમાર્ગ સંબંધી સ્થાયી રુચિ ઉત્પન્ન કરાવે છે. આવી રુચિવાળો જીવ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પ્રવેશવા માટે તથા માર્ગના ફળને પ્રાપ્ત કરવા માટે અધિકારી (યોગ્યતાવાળા) ગણાય છે. ભગવાનની કૃપા પ્રત્યક્ષ રીતે જોઈ

કે અનુભવી શકાતી નથી. ભગવતકૃપા હોવી કે ન હોવાનું જ્ઞાન વ્યક્તિની પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ છે કે નહીં તેના આધારે જ થઈ શકે છે. આથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો પ્રમાણે સર્વસ્વ સમર્પણપૂર્વક પ્રભુસેવા, સ્મરણમય જીવન વિતાવવાની સ્થાયી રુચિ જો કોઈ વ્યક્તિમાં જાગૃત થતી હોય તો તેના ઉપર પ્રભુની કૃપા છે તેવું સમજી શકાય છે. પ્રભુની કૃપા વિના, આ પ્રકારની રુચિ થવી શક્ય જ નથી હોતી.

સ્થાયીરુચિનું દૃષ્ટાંત :

પુષ્ટિમાર્ગમાં સ્થાયી રુચિ કેવી હોય છે? તેનું સરસ દૃષ્ટાંત ૨૫૨ પૈકી કૃષ્ણ ભટ્ટની વાર્તામાં એક સરસ પ્રસંગમાં છે. - ગોકુલમાં શ્રીગુસાંઈજી ‘‘બર્હાપીડં’’ શ્લોક સમજાવતાં હતા - આપ જેવા સમર્થ, એઈ તેઈ એઈ કછુ ન સંદેહ એવા શ્રીપ્રભુચરણ સમજાવતાં હતાં, છતાં બે વૈષ્ણવોને ન સમજાયું ત્યારે આપશ્રી તે બંને વૈષ્ણવોને કૃષ્ણ ભટ્ટ પાસે મોકલ્યા. કૃષ્ણ ભટ્ટે આ જ શ્લોક શ્રીગુસાંઈજીના સ્વરૂપને અનુલક્ષીને સમજાવ્યો ત્યારે પેલા વૈષ્ણવો આ શ્લોક સમજી શક્યા. કૃષ્ણ ભટ્ટની શ્રીગુસાંઈજી માટે કેવી પ્રબળ સ્થાયી રુચિ? અધિકારની સૂક્ષ્મતાનું કેવું સરસ દૃષ્ટાંત?

ચાર પ્રકારના પુષ્ટિ જીવો :

પુષ્ટિમાર્ગના અધિકારી જીવો પણ શ્રીમહાપ્રભુજીના મતે એક

જ પ્રકારના નથી. પુ.પ્ર.મ. માં તેમના પણ અધિકાર ભેદથી પ્રકારો બતાવ્યા છે. મુખ્ય બે પ્રકાર છે : (૧) શુદ્ધ પુષ્ટિજીવ (૨) મિશ્ર પુષ્ટિજીવ. મિશ્ર પુષ્ટિ જીવો ત્રણ પ્રકારના (૧) પ્રવાહ પુષ્ટિ - આ જીવો સતત ભગવત્ક્રિયામાં રત હોય છે. (૨) મર્યાદા પુષ્ટિ - આ જીવો ભગવદ્ ગુણોને જાણનારા હોય છે. (૩) પુષ્ટિ પુષ્ટિ - આ જીવો સર્વજ્ઞ હોય છે. (લીલા, ભગવદ્ ઈચ્છા જાણે છે) શુદ્ધ પુષ્ટિજીવો કૃષ્ણમાં પ્રેમપૂર્ણ હોય છે. તે અતિ દુર્લભ છે. **આધુનિક જીવોનો અંગીકાર પ્રાયઃ મર્યાદા પુષ્ટિમાં કહેવાય છે.**

પુષ્ટિ પ્રભુ હીરો છે, અધિકારીને સોંપાય :

આ સર્વોત્કૃષ્ટ માર્ગમાં હરિ હીરા છે. શ્રી પરમાનંદ દાસજી ગાય છે - મથુરા નગર કી ડગરમેં ચલ્યો જાત હૈ... પાયો હૈ હરિ હીરા - આવા હીરા હરિ જે માર્ગના સર્વસ્વ છે તે માર્ગ પણ નિરમોલ નગ છે. યમુનાજીના ૪૧ પદોમાં અષ્ટછાપ ગાય છે - ''નામ નિરમોલ નગ લે કોઉ ના સકે'' અને ''તાહિકે હાથ નિરમોલ નગ દીજીયે'' - આમ અહીં અધિકારની જ (યોગ્યાતા, પાત્રતા) વાત કરી છે. જેમ દરેક વ્યક્તિ શ્રીયમનાજીના નામ નથી લઈ શકતા તેમ દરેક વ્યક્તિ આ માર્ગમાં પ્રવેશ નથી કરી શકતા. અધિકારીને જ જેમ યમુનાજીનાં ગુણાનુવાદરૂપી નગ પ્રાપ્ત થાય તેમ આ માર્ગના અધિકારી જ આમાં પ્રવેશ કરી શકે. આ માર્ગમાં ટકી શકે અને ફળ સુધી પહોંચી શકે.

ભોગના અને મોક્ષના અધિકારી :

આ માર્ગના પ્રકટ કર્તા શ્રીઆચાર્યચરણોએ ષોડશ ગ્રંથોમાં બીજો ગ્રંથ બાલબોધ લખ્યો છે. ત્યાં સર્વ સિદ્ધાંતોની વાત કરી. જો ભોગ જોઈએ તો શિવને ભજો અને મોક્ષ જોઈએ તો વિષ્ણુને ભજો તેમ કહ્યું. આ બંને પ્રકારના જો અધિકારી ન હોય તો ત્રીજો ગ્રંથ સિદ્ધાંત મુક્તાવલી સમજાવે છે. જ્યાં સ્વમાર્ગના સિદ્ધાંતોનું નિરૂપણ પુષ્ટિમાર્ગીય અધિકારી જીવો માટે કર્યું છે.

શ્રોતા વક્તાના અધિકારી :

ભક્તિ વર્ધિની ગ્રંથમાં બીજની દૃઢતા માટે શ્રવણ કીર્તનની આજ્ઞા કરી, પણ અધિકાર માટે જાગૃત આચાર્ય ચરણો તરત જ જલભેદ ગ્રંથમાં વકતાઓના પ્રકારથી તેમના અધિકાર તથા પંચપદ્યાનિમાં શ્રોતાઓના પ્રકારથી તેમના અધિકારનું વર્ણન કરે છે. જેથી કેવા વક્તાઓ પાસેથી શ્રવણ કરવું અને કેવા શ્રોતાઓ પાસે કીર્તન કરવું તે પણ સમજાવે છે.

જુદા જુદા અધિકારી વક્તા :

જલભેદ ગ્રંથમાં વકતાઓના અધિકારનો વિચાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. સેવાની સાથે કથા સાંભળવી, કરવી, ભગવદ્ ગુણાનુવાદ કરવાં એવી આપશ્રીની આજ્ઞા છે. વરસાદનું જળ જેમ એક સમાન રીતે બધે વરસે છતાં જે સ્થાનમાં પડે તેના ગુણધર્મની વિવિધ અસરોવાળું બને છે. શ્રી યમુનાજીના ૪૧ પદોમાં સુરદાસજી ગાય છે -

સ્વાતિજલ બુંદ જલ પરત હૈ, જાહીં મેં તાહીમેં હોય તૈસો જુ બાનો.

સ્વાતિજલ કાલુમાછલીની છીપમાં મોતી પકવે, સાપના મોમાં જઈ વિષ બને, કેળમાં કપૂર બને અને વાંસમાં વંસલોચન બને. આમ, ગુણો ભગવાનના, છતાં વક્તાના હૃદય ભાવની અસરોથી વિવિધ ગુણધર્મોવાળા, વિવિધ અસરો કરતાં થઈ જાય છે. વક્તાના અંતઃકરણની સ્થિતિ - પાત્રતા - અધિકાર પ્રમાણે તેની અસરો ઊભી થાય છે. સાવધતા માટે હીન લક્ષણવાળા અધિકારી વક્તાને પણ બતાવ્યા છે. ''ગીતી, શીઘ્રી, શિરઃકંપી તથા લિખિત પાઠકઃ। અનર્થજ્ઞોઽલ્પ કંઠશ્ચ ષડેતે પાઠકાધમાઃ પાણિનીય શિક્ષા (૩૨) અણુંભાષ્યમાં પણ શ્રીમહાપ્રભુજી આનો ઉલ્લેખ કરે છે. ગાનાર, શીઘ્રતા કરનાર, માંથુ કંપાવનાર, લખેલું વાંચી જનાર, અર્થ ન જાણનાર અને અલ્પકંઠવાળો, આ છ અધમકોટિના પાઠકો છે.

શ્રોતાના અધિકાર :

શ્રોતાઓનો પણ અધિકાર સમજવો જોઈએ. ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે, ''યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા । વર્ણીના મેવ તદ્ધિ સ્યાત્સ્ત્રીશૂદ્રાણાં તતોઽન્યથા (૩-૧-૭૮). જે ઔપનિષદ કે શ્રી ભાગવત જ્ઞાન છે તેનો અધિકાર યજ્ઞોપવીત વાળા દ્વિજોનોં છે. સ્ત્રી શૂદ્રોનો તે સિવાય અન્યત્ર છે.

વૃત્તિ કે પ્રવૃત્તિના પ્રયોજન વગર, પ્રભુપ્રાપ્તિ માટે કથાશ્રવણને ઝંખતા શુદ્ધ ભક્તોને શ્રીભાગવત સંભળાવવું હિતાવહ છે. પૈસા, પ્રતિષ્ઠા, સ્પર્ધાની દૃષ્ટિ તેમાં ન જોઈએ. નિર્મત્સર સત્પુરુષોનો ધર્મ શ્રીભાગવતમાં છે. બીજાનો તેમાં અધિકાર નથી. ૮૪-૨૫૨ ભગવદીઓ નિર્મત્સર સત્પુરુષો છે. તેમના આચરેલા આ પુષ્ટિમાર્ગમાં માટે જ માત્ર ભગવાનને પ્રીતિ કરનાર (કોઈપણ પ્રકારના હેતુ વગર)નો જ અધિકાર આવશ્યક હોઈ તેનો વિચાર જરૂરી બને છે. શ્રી હરિરાય ચરણો શિક્ષાપત્ર ૪૧-૩માં આજ્ઞા કરે છે -

‘‘શુદ્ધભાવઃ પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકં
અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્

પ્રભુમાં શુદ્ધભાવ રાખવો. તેમાં ચતુરાઈ કરવી નહીં. કારણ પ્રભુ અંતર્યામી છે. બધાના ભાવને જાણે છે.

તસ્ય સેવા પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ
ન ફલાર્થં, ન ભોગાર્થં, ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે ।।

પ્રભુસેવા જીવનપર્યંત સ્વધર્મમાની કરવી. તે દ્વારા કોઈ ફલ, ભોગ, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની ઈચ્છા ન કરવી.

આવા જીવો આ માર્ગના અધિકારી છે. પંચપદ્યાનિમાં પણ શ્રોતાઓના અધિકાર માટે આજ્ઞા છે -

બુદ્ધિશ્ચાયુશ્ચ દોષાણામભાવઃ કારણ યતઃ । યસ્ય નૈતે ભવિષ્યન્તિ

તસ્ય નાસ્ત્યધિકારિતા ।। શ્રીસુબોધિની ૨-૧-૪ શાસ્ત્ર સમજી શકે તેવી બુદ્ધિ, આયુષ્ય (શરીર સ્વાસ્થ્ય) અને નિર્દોષતા કારણ હોવાથી જેને આ ન હોય તેનો શ્રી ભાગવત શ્રવણ કીર્તનમાં અધિકાર નથી.

શ્રી વ્યાસજીએ પણ રસિકાઃ થી કામવર્જિતાઃ, ભાવુકાઃ થી ભાવના ચતુરતા, કૃતિભિઃ થી નિપુણ તીક્ષ્ણ બુદ્ધિ અને સ્પષ્ટ જીવન ધ્યેય નિર્ધાર યુક્તતા, શુશ્રૂષુભિઃ થી (કેવળ કથા) શ્રવણેચ્છાને લક્ષણ રૂપે સૂચવ્યા છે.

કૃષ્ણસેવા અને કૃષ્ણકથાની ઈચ્છાવાળા પુષ્ટિમાર્ગના અધિકારી : તે ન બને તો પ્રપત્તિમાર્ગ :

જેમ શ્રીમદ્ ભાગવતના શ્રવણની ઈચ્છાવાળો દરેકે દરેક અધિકારી છે. પછી તે જાતિ વગેરે ગુણથી રહિત હોય તેમ શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી પણ પુષ્ટિમાર્ગના હાર્દરૂપ કૃષ્ણસેવા અને કથાની ઈચ્છાવાળાઓને આ માર્ગના અધિકારી ગણે છે. પછી તે ગમે તે જાતિના કે ન હોય? ૮૪-૨૫૨ વાર્તા પ્રસંગોમાં પણ જોવા મળે છે, કે શરણે આવેલા જીવોની ઉત્કંઠા અને આતુરતા તપાસી શરણંત્ર અને નિવેદન મંત્ર અપાતો. જે **જીવોથી ભગવતસેવા અને કથા શ્રવણ ન થઈ શકે તેવા જીવો માટે શ્રીમહાપ્રભુજીએ પ્રપતિ માર્ગ આપ્યો.** શ્રીગુસાંઈજી આપશ્રી માટે સર્વોત્તમજીમાં પૃથક્શરણ માર્ગોપદેષ્ટા નામ કહે છે. ત્યાં નિ.લી.

પ.પૂ.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ પોતાના વિવેચનમાં કહે છે ભક્તિમાર્ગના શરણ માર્ગનો અને પુષ્ટિમાર્ગના જુદા પ્રકારના વિશિષ્ટ શરણમાર્ગનો ભેદ સમજાવતો આપશ્રી ઉપદેશ કરે છે. જીવ ભગવાનને શરણે જાય એ મર્યાદા શરણ. ભગવાન જીવને શરણે લે તે પુષ્ટિ શરણ. દશમ સ્કન્ધ ગોવર્ધનલીલા પ્રસંગોમાં ભગવાનનું વચન છે. તસ્માન્મચ્છરણં ગોષ્ઠં, મન્નાથં મત્પરિગ્રહમ્. ગોપાયે સ્વાત્મયોગેન સોઽયંમે વ્રત આહિતઃ અહીં ગીતાઆજ્ઞા પ્રમાણે અહં ત્વા સર્વપાપેભ્યોઃ મોક્ષ યિષ્યામિ મા શુચઃ એવી શરણાગત જીવઓની પાપમુક્તિનો ઉલ્લેખ નથી પણ આ જીવોની સર્વ પ્રકારે રક્ષાનો ભાર ઉપાડવાની ભગવાનની પ્રતિજ્ઞા છે. આવા પ્રપતિમાર્ગના અધિકારી જીવોનો તે પ્રમાણે અંગીકાર થતો.

આત્મનિવેદન :

આ માર્ગમાં આત્મનિવેદન વિષે જોઈએ. ૨૫૨ પૈકી ૮૮મી વાર્તામાં કહે છે - શ્રીગુસાંઈજી આપને આત્મનિવેદન કૌ પ્રસંગ ચાલ્યો. તામેં કહ્યો જો શુદ્ધ મન પૂર્વક જો જીવ આત્મનિવેદન કરત હૈ ઔર ગુરુ જો શુદ્ધ મન પૂર્વક નિવેદન કરાવત હૈ તિનકોં શ્રી આચાર્યજી મહાપ્રભુજી કી કૃપા તેં દૃઢ આશ્રય તત્કાલ હોઈ ઔર અલૌકિક વસ્તુ હૂ દૃઢ હોઈ ઔર પુષ્ટિમાર્ગ કી લીલા કો દાન હોઈ, ઔર માર્ગ કો સબ અનુભવ હોઈ ઔર અલૌકિક દૃષ્ટિ હોઈ.

મંત્રદીક્ષાના અધિકારી :

નિવેદનમંત્રના અધિકારીઓને જ તે મંત્ર અપાતો. ફલ સ્વરૂપ નિવેદનમંત્ર લીધા પછી દરેક વૈષ્ણવે પૂછયું છે ''હવે અમારું કર્તવ્ય શું ? અને આપણા આચાર્યોએ જે તે જીવની રુચિ અને અધિકાર પ્રમાણે કોઈક વૈષ્ણવને સ્વરૂપ સેવા તેમાંયે જુદી જુદી રુચિવાળા પ્રમાણે તેમની રુચિને અનુરૂપ લીલાવાળાં સ્વરૂપો, તો કોકને વસ્ત્રસેવા, કોકને હસ્તાક્ષરની સેવા તો કોકને પાદુકાની સેવા પધરાવી આપી. કેટલાકને કોઈ સ્વરૂપ નથી પધરાવી આપ્યું તો કોઈકને તરત માસનીનું દાન કર્યું છે. પ્રભુદાસભાટ આગલા જન્મમાં માંકડાં હતાં તેથી આ જન્મે સેવા નહીં કરી શકો તેમ કહી કોઈ સ્વરૂપ પધારવ્યું નહીં. અચ્યુતદાસ સનોઢીયા બ્રાહ્મણને (વાર્તા નં. ૫૪) માનસીનું દાન કર્યું. અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ કડાના (વાર્તા નં. ૫૬)ને પાદુકાજી પધરાવી આપ્યા. પુષ્ટિમાર્ગ અંતર્ગત પૃથક્શરણ માર્ગ અને બ્રહ્મ સંબંધ દિક્ષાના અધિકારીઓના જુદા જુદા ફલની વાત શ્રીગુસાંઈજીની વધાઈમાં જોવા મળે છે.

(૧) જે જન શરણ આયે તે તારે...

(૨) જે જન શરણ આયે અનુસરહી ગ્રહી સોંપત શ્રી ગોવર્ધનનાથ...

આવા સેવકોને જ્યારે સેવા સંબંધી મૂંઝવણ થતી કે કંઈક વિશેષ

જાણવું હોય ત્યારે જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછતાં, પત્રદ્વારા પણ પૂછાવતા. તેના ફલ સ્વરૂપે આપણને ષોડશગ્રંથો પૈકી બાલબોધ, નવરત્ન, સિદ્ધાંતમુક્તાવલી, કૃષ્ણાશ્રય, ભક્તિવર્ધિની, સેવાફલ વગેરે ગ્રંથો મળ્યા છે.

પુષ્ટિમાર્ગીય દીક્ષા દેનાર માટે અધિકાર :

આ દીક્ષા દેનારનો અધિકાર કેવો જોઈએ તે પણ શ્રી મહાપ્રભુજીએ સજાગતા પૂર્વક કહ્યું છે -

કૃષ્ણ સેવા પરમ્ વીક્ષ્ય, દંભાદિ રહિતં નરં
શ્રી ભાગવત્ તત્ત્વજ્ઞ, ભજેદ્ જિજ્ઞાસુ આદરાત્ ।

કૃષ્ણ સેવા જાણનાર (કરનાર). વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે - ‘‘આપ સેવા કરી શિખવે શ્રી હરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદઢ કીધો’’. દંભ વગેરે દોષોથી રહિત હોય. નર હોય (પ્રભુ સેવા - પ્રસન્નતા માટે જ પ્રયત્નશીલ હોય) અને શ્રીભાગવતના તત્ત્વનો યથાર્થ જાણનાર હોય તે જ સાચો ગુરુ. આથી જ શ્રી હરિરાય ચરણો અને શ્રી પુરૂષોત્તમજી લેખવાળા પ્રભૃતિ ગો. બાળકો પોતાને ગુરુદ્વાર કહે છે.

પુષ્ટિમાર્ગીય દીક્ષા લેનાર માટે અધિકાર :

નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણની બીજી કારિકામાં આજ્ઞા છે -

સાત્વિકા ભગવદ્ભક્તઃ યે મુક્તાવધિ કારિણઃ
ભવાન્તસંભવા દૈવાત્ તેષામર્થે નિરૂપ્યતે ।।૨।।

આની ટીકામાં કહે છે - સારી રીતથી કહેલો સિદ્ધાંત પણ અધિકારીના હૃદયમાં સ્થિર નથી રહેતો. આથી વ્યાસસૂત્રમાં તથા ભાગવતાદિ વગેરે શ્લોકોમાં અન્અધિકારીને જ્ઞાન દેવાના નિષેધ લખ્યો છે. તેવી રીતે અહીં પણ સાત્વિક અધિકારીનાં લક્ષણ વર્ણન કર્યા છે. દેવતાના યજન-પૂજન કરવાનો સાત્વિક જીવોનો સ્વભાવ કાર્ય છે. તેની અપેક્ષા પણ વધુ સારા કાર્ય કરે અર્થાત્ કરેલા કર્મ ભગવાનને અપર્ણ કર્યા કરે. જ્યાં સત્પુરુષ ભેગા થઈ ભગવાનના પરાક્રમને બતાવવાવાળી તથા હૃદય, કાનને રસ આપવાવાળી ભગવદ્ કથા વર્ણન કરતાં હોય ત્યાં જઈને ભગવદ્ કથાને સર્વદા સાંભળી પ્રશંસા કરતા રહે તથા દ્રવ્ય-દેહથી ભગવત્સેવા કરતાં રહે. જેના હૃદયમાં કોઈ કામના ન હોય. કામના છે તે અધિકારીનો દોષ છે અર્થાત્ જે પુરુષમાં બુદ્ધિ, આયુષ્ય, દોષનો અભાવ આ ત્રણેય વસ્તુ હોય તેને અધિકારી સમજવો. આટલા ગુણ હોય અને ભગવાનની પણ જે જીવનો શીઘ્ર ઉદ્ધાર કરવાની ઈચ્છા હોય, કેવળ ગુરુરૂપી પાર લગાવનાર વિના જે જીવની મનુષ્ય દેહરૂપી નાવ સંસાર સાગરની પાર ન લાગતી હોય એવા જીવની ભગવાનમાં દૃઢ આસક્તિ સંપાદન કરાવી શીઘ્ર ઉદ્ધાર કરવા માટે શ્રી આચાર્ય ચરણોએ આ ગ્રંથ પ્રકટ કર્યો ચે. (શાસ્ત્રાર્થ પ્રકરણની વ્રજભાષા ટીકા - ગો.વા. સાંચોરા શ્રી ગોકુલદાસજીના પુસ્તકમાંથી).

ભગવદ્ ઈચ્છા, અનુગ્રહ અને અનુગ્રહિતજીવો :

આ બધા મુદ્દાઓએ પણ સ્પષ્ટ કરે છે કે આ માર્ગમાં ભગવદ્ ઈચ્છા મુખ્ય છે. તેનાથી જીવનું વરણ થાય અને તે પછી અનુગ્રહ થાય. આમ ઈચ્છા, વરણ - ''અનુ'' પછી, ભગવાન જીવને ''ગ્રહ'' - પકડી લે, પોતાનો બનાવી દે તે અનુગ્રહ છે. શ્રી મહાપ્રભુજી એટલે જ આજ્ઞા કરે છે ''અનુગ્રહઃ નિયામકઃ'' **આમ પ્રભુનો અનુગ્રહ પામેલા જીવો જ આ માર્ગના અધિકારી છે** અને આ જીવોનો સ્વીકાર પણ શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીએ અધિકાર ભેદે કર્યો છે. શ્રીગુસાંઈજી શ્રી મહાપ્રભુજીનું નામ શ્રી સર્વોત્તમજીમાં ''અંગીકૃતૌ સમર્યાદઃ'' ૧૫મું નામ કહે છે. તેનું વિવરણ કરતાં પૂ.પા. ગો. વ્રજભૂષણલાલજી મહારાજશ્રી સમજાવે છે - શ્રી આચાર્યજી પુષ્ટિ એટલે અનુગ્રહની મર્યાદાની પરિસ્થિતિ અને જીવની યોગ્યતા જોઈ કોઈને મંત્રોપદેશ દ્વારા યા તો કોઈન દૃષ્ટિ દ્વારા અંગીકાર કરે છે. આ રીતે આપશ્રીએ વાંસવાડાવાળા શ્રી ગોપાલદાસનો કેવલ જલની અંજલિ છાંટીને તથા એક સોદાગરનો ઘોડો જે દૈવી હતો તેને નંદગામ પાન સરોવર ઉપર દૃષ્ટિ માત્રથી અનુગ્રહ દ્વારા અંગીકાર કર્યો.

વિનય, વિચાર અને વિદ્વતાસંપન્ન જગતાનંદ પંડિત જેવા પ્રસિદ્ધ સાત્વિક જીવોને નિબંધ-ભાષ્ય-સુબોધિની અને આચાર વિચાર આદીથી આકર્ષણ કરી શણે લીધા. વ્યવહારશીલ શેરગઢસ્થ

વીરબાઈ પ્રભૃતિ આદિ રાજસજીવોને ઉત્તમ પ્રકારના વ્યવહાર આકર્ષણે શરણે લીધા. પ્રભુદાસ ભાટ અને વાસુદેવ છકડા આદી તમોગુણભરિત મૂઢ અને અહંકારી જીવોને ચમત્કાર દ્વારા શરણે લીધા.

જીવોની અંગીકૃતિમાં પણ સૂક્ષમ અધિકારનો વિચાર આચાર્યોએ કર્યો હતો તેવું જણાય છે. કૃષ્ણ ભટ્ટ (ઉજ્જૈનના) બ્રહ્મસંબંધની દીક્ષા માટે શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા ત્યારે આપશ્રીએ શ્રીગુસાંઈજી પાસે દીક્ષા અપાવી (શ્રી હરિરાયજી કૃત ભાવપ્રકાશ પ્રમાણે નિત્યલીલામાં ચંદ્રાવલીજી (શ્રીગુસાંઈજી) સંબંધી છે). આ પણ અધિકારનો જ પ્રકાર છેને ?

પુષ્ટિમાર્ગ પ્રવેશ ગૌરવપ્રદ ઘટના છે :

અધિકારીને બ્રહ્મસંબંધની દીક્ષા મળે પછી પુષ્ટિ ભક્તિ માર્ગમાં પ્રવેશે તે કેટલી બધી ગૌરવ પ્રદ ઘટના છે ? કારણ આ તો શ્રી ગોપીજનોનો માર્ગ છે. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા - 'ગોપિકાઃ ગુરવઃ પ્રોક્તા'. - 'કીર્તન સાહિત્ય' - સેવા રીતિપ્રીતિ વ્રજજનકી જન હિત જગ પ્રકટાઈ'. - શ્રી ગોપીજનોનો અધિકાર શ્રી ઠાકોરજીએ વેણુનાદ દ્વારા સારસ્વત કલ્પમાં અને આ શ્વેતવરાહ કલ્પમાં શ્રી મહાપ્રભુજીએ વચનામૃતોથી પોતાના ભક્તો માટે આ જ પ્રકારે કર્યો, ''તબતો વેણુંનાદ દ્વાર અબ કે શ્રીલક્ષ્મણભૂપકુમાર'' - બ્રહ્મસંબંધની દીક્ષા લાલન દ્વારા

માતૃચરણ ઈલ્લમાગારુજીને અડેલમાં પ્રાપ્ત થઈ. આચાર્ય ચરણોની આજ્ઞાથી, વાર્તા સાહિત્ય પ્રમાણે કેટલાક વૈષ્ણવો પણ અમુક સંજોગોમાં નામ મંત્ર આપતાં પછી તેઓ ફરીથી આચાર્યો પાસે નામ પામતાં. ૨૫૨ વાર્તામાં એક વૈષ્ણવે વેશ્યાની છોકરીને નામ આપેલું તે પ્રસંગ છે. ૮૪ વૈષ્ણવોની વાર્તામાં કૃષ્ણદાસ અધિકારીએ પણ એક વેશ્યાની છોકરીને શ્રી ગોવર્ધનનાથજી સન્મુખ કરી નૃત્ય કરારેલું. આચાર્યોની કૃપાથી આ વૈષ્ણવોમાં સામી વ્યક્તિ દૈવી જીવ છે તે જોવાનું સામર્થ્ય હતું તેથી જ આચાર્યો તેમને પુનઃ નામ આપતાં. વાર્તા ૭૯ - નરોડાના ગોપાલદાસ ક્ષત્રિય પણ નામ આપતાં. તેમને તેનો અહંકાર થતાં શ્રીગુસાંઈજીએ કહ્યું તમારો અંગીકાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે તે દૃઢ છે, પ્રભુ તમને નહિ છોડે પણ જેટલા સેવક તમે નામ સંભળાવી કર્યા છે તે અમારા નહિ થાય. પુષ્ટિમાર્ગથી બહિર્મુખ થશો. આ સાંભળી બધા વૈષ્ણવ શ્રીગુસાંઈજીના સેવક થઈ કૃતાર્થ થયા. જે રહી ગયા તે પુષ્ટિમાર્ગથી ભ્રષ્ટ થયા. તેમને શ્રી ગુસાંઈજી 'ગંગોજ' કહેતા. **ઉત્કૃષ્ટ માર્ગ પ્રવેશની આ ઉત્કૃષ્ટ દીક્ષાના લીધે સંપ્રદાય અને અધિકારનો વિચાર કર્યો છે.**

પુષ્ટિ દીક્ષા પામેલ જીવનું કર્તવ્ય અને પ્રવૃત્તિ દ્વારા સ્થિતિ :

પુષ્ટિમાર્ગના અધિકારીને શ્રી આચાર્ય ચરણો

સિદ્ધાંતમુક્તાવલીમાં સ્વસિદ્ધાંત સમજાવે છે. જેથી આ માર્ગમાં પ્રવૃત્ત થઈ શકે. ''કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરામતા''. - ચૈતસ્તત્ પ્રવણં સેવા તત્ સિદ્ધયૈ તનુ-વિત્તજા''. તનુ વિત્તજાથી કૃષ્ણની સેવા ચિત્તને શ્રીકૃષ્ણમાં એકતાન કરીને કરવી. લોકાર્થી થઈને કૃષ્ણને ન ભજવા, નહીં તો ક્લેશ થાય છે. આશ્વાસન આપે છે જો ક્લેશ યુક્ત પણ કૃષ્ણને ભજે તો તેનો લોક નાશ પામે છે. (જન્માન્તરમાં કૃપાપાત્ર બને છે) ''લોકાર્થી ચેદ્.... લોકો નશ્યતિ સર્વથા''. નવરત્નમાં નિવેદિત આત્માએ કોઈપણ પ્રકારની ચિંતા નહી કરવાની આજ્ઞા છે.

અંતઃકરણ પ્રબોધમાં કૃષ્ણથી મોટું દૈવત કોઈ નથી તેમ સમજાવ્યું છે. શ્રી ભાગવતજી પણ શાખ પૂરે છે. ''એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'' શ્રી ભાગવત ૧-૩-૨૮. સત્ય સંકલ્પ વિષ્ણુની આજ્ઞાનું નિરંતર સ્વયમ્ પાલન તે જ સેવકનો ધર્મ.

પુષ્ટિજીવ સેવા કથા દ્વારા ભગવદાનંદ અનુભવ કરે તેમાં ઉપયોગી વિવેક-ધૈર્ય-આશ્રય માટે મહાપ્રભુજી સમજ આપે છે.

સર્વ પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણ જ આશ્રય છે અને તેમનો જ સહારો લેવો એવી સમજ કૃષ્ણાશ્રયમાં આપી.

પુષ્ટિમાર્ગીય જીવોના ચારપુરુષાર્થો પણ સમજાવ્યા જેથી અન્યત્ર આથડતા અટકી જાય.

આ રીતે પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્તિ દ્વારા સ્થિતિ બની રહે છે. આમ આ પણ અધિકારનું જ સૂચન છે ને? આ બધી આજ્ઞાનું પાલન કરતા અધિકારી જીવોને ભક્તિકેમ પ્રવૃદ્ધ થાય તે ભક્તિવર્ધિનીમાં સમજાવે છે. તેમાં પણ વ્યાવૃત્તિ અને અવ્યાવૃત્તિ બે અધિકારીઓ માટે ઉપાયો બતાવ્યા છે.

આવા જીવોને કર્મ-જ્ઞાન માર્ગીય સન્યાની જરૂર નથી. ભક્તિની વૃદ્ધિ માટે દઢ બીજ ભાવવાળા માટે જ્યારે પોતાના ઘરમાં સેવાનો નિર્વાહ ન થઈ શકે, ત્યારે વિરહાનુભવ માટે જ ભક્તિમાર્ગીય સંન્યાસ છે. 'વિરહાનુ ભાવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે.' કેચન ભક્તા ભાષણાદિલીલા દર્શનં વિના સ્થાતુમશક્તાઃ પ્રચુરભાવવિશાશયા ગૃહાંસ્ત્યકત્વા વનં ગચ્છન્તિ એતે સર્વે ફલમાર્ગીયાઃ અણુભાષ્ય ૩-૪-૪૭ - કેટલાક ભક્તો વાર્તાલાપ વગેરે લીલા દર્શન વિના રહી ન શકતા, પ્રચુર ભાવ-વિવશ હૃદયવાળા ઘર છોડીની વનમાં જાય છે. તે તો બધા ફલમાર્ગીય ભક્તો છે. રાજા આશકરણજી જેવાનો આવો વિલક્ષણ પ્રકાર છે.

આ રીતે ક્રમશઃ વધતાં ભક્તને વ્રજલીલા-ભાવનાઓને અનુરૂપ પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ રૂપ નિરોધ તથા તેના કારણરૂપ ભગવદ્-ગુણ-ગાન અને ભગવત્-સ્વરૂપ સેવન, ભાવનામય ધ્યાનથી ઈન્દ્રિય વિનિયોગ, સેવા તથા કથા દ્વારા નિરોધ દર્શાવતાં નિરોધ લક્ષણગ્રંથ શ્રીમહાપ્રભુજી રચે છે. જેની આજ્ઞાઓ પાળતાં જીવોનો મહાફલરૂપ નિરોધ માટે અધિકાર સિદ્ધ થાય છે.

આમ ષોડશગ્રંથોમાં જોઈ શકાય છે કે માર્ગમાં પ્રવેશ પછી પ્રવૃત્તિ અને સ્થિતિ માટે પણ અધિકાર (યોગ્યતા પાત્રતા) જરૂરી છે.

૨૫૨ પૈકી ૩૮મી વાર્તા શ્રીગુસાંઈજીની સેવકની એક બ્રાહ્મણી ઉજ્જૈનથી ચાર કોષ એક ગામમાં રહેતી. તે વાતમાં નિહાલચંદભાઈએ કૃષ્ણ ભટ્ટને કહ્યું ભટ્ટજી આ બાઈને વસ્તુ બડી પાઈ હૈ ઔર પાત્રતો ઓછો હૈ. તાસોં ઠહરાય તબ જાનિયે.

૨૫૨ પૈકીની એક વાર્તામાં એ પણ પ્રસંગ છે કે શેઠના દીકરાને વ્રજયાત્રા કરવી હતી. તેને ત્યાં રહેતા ડોસીએ તેને કહ્યું તું નહીં કરી શકે - છતાં શેઠનો દીકરો જાય છે. પકડાય છે. છૂટીને ઘેર આવી ખોટુ કહે છે કે તે યાત્રા કરી આવ્યો. ડોસી સ્વીકારતી નથી. તે વ્રજયાત્રા નહીં કરી શકે તેના કારણમાં કહે છે પ્રભુએ જ્યારે રાસલીલા કરી ત્યારે લીલામાં તે વખતે હું હાથણી હતી અને મેં ઝીણી દૃષ્ટિ કરીને જોયું હતું ત્યારે તે લીલામાં તું હાજર નહતો. છેને અધિકાર માટે અદ્‌ભૂત પ્રસંગ!

ષોડશગ્રંથના વિચાર-આચારથી કૃષ્ણસેવા કથામાં ઉપયોગી સ્વરૂપ યોગ્યતા અને સહકારી યોગ્યતાનું સંપાદન થાય છે. આગળ કહ્યા પ્રમાણે સેવા કરતાં છેવટે યથાધિકાર ત્રણ ફલ મળે છે.

પ્રભુનો અનુગ્રહ જ જ્યાં નિયામક છે તેવા આ પુષ્ટિમાર્ગ માટે એટલે જ શ્રીગુસાંઈજી યાજ્ઞા કરે છે - ઈહાં છોટો બડો કોઊ

નાહીં જા પર કૃપા હોઈ જાઈ સોઈ બડો - સો યા વૈષ્ણવ કે સંગતે વા વેસ્યા કી છોરી પર શ્રીઠાકોરજી કી કૃપા ભઈ - સો ઐસીભઈ, જો યા વૈષ્ણવહૂતે જયાદા ભઈ. તાતેં યા માર્ગમેં પ્રભુ ફલ, જાતિ, કૃતિ કછુ દેખત નાહીં. જો કોઉ શ્રી આચાર્યજી મહાપ્રભુજી કે સરનિમેં આવત હૈ તાકૌ પ્રભુ અપને પ્રમેય બલતેં ઉદ્ધાર કરત હૈ - યાહી દેહસોં સ્વરૂપાનંદ કો દાન કરતે હૈ - વ્રજભક્તનકી ગતિ કો પ્રાપ્ત કરાવત હૈ - વાર્તા ૭૩મી ૨૫૨ વૈષ્ણવો પૈકી.

અનઅધિકાર ચેષ્ટાઓ :

આમ આવા અલૌકિક માર્ગમાં અધિકાર વિનાના આવે તો અનર્થો સર્જાય - અનઅધિકારવાળાઓની ચેષ્ટાઓથી માર્ગની ખ્યાતિ ઝંખવાય છે. આથી જ ઘણા વિપરીત પ્રસંગો આપણને વાચંવા, જોવા, સાંભળવા મળે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં માનવતાના ધર્મો, મર્યાદામાર્ગના વૈષ્ણવ ધર્મો તો સહજ હોવા જોઈએ. વિશેષમાં પુષ્ટિમાર્ગીય લક્ષણો આવશ્યક છે - કારણ મોટા ભાગના વૈષ્ણવો સાધન દશામાં હોય છે. જેમ માસ્ટર ડીગ્રી મળે એટલે એસ.એસ.સી. અને બેચલર ડીગ્રી તો હોય જ તેમ- માનવતા વગેરે ધર્મો જ્યારે પુષ્ટિજીવો ભૂલે ત્યારે અનર્થો થાય છે.

એકવાર એક લેખ વાંચ્યો, તેમાં લખ્યું હતું કે સાંપ્રત કાળના કહેવાતા ભક્તોના આચરણ આશ્ચર્ય સર્જે છે. પ્રસંગ એવો હતો

કે બે ભક્તો એક ટ્રાવેલીંગ એજન્સીમાં મથૂરા, વૃંદાવનની યાત્રાએ ગયેલા - અન્ય માર્ગીય યાત્રીઓ પણ હતા. બસમાં બંને ભગવદ્‌ગુણાનુવાદ ભાવવિભોર થઈ કરતા હતા. રમણ રેતમાં તેઓ નિઃસંકોચ આળોટયા. આજ બે ભક્તો પછી બસમાં બેસવાના મુદ્દે અન્ય યાત્રીઓ સાથે લડયા. આવા અનેક પ્રસંગો બને છે.

ભાવ-ભાવનાની વાતો કરતા ઘણા આધુનિકો પ્રાયઃ બીજા સાથે પ્રેમ પૂર્વક, વિનય પૂર્વક વાત પણ કરતા નથી.

ખંભાતના વેપારી વૈષ્ણવોને શ્રીગુસાંઈજીએ સ્પષ્ટ કહેલું ‘‘અસત્યથી મોટું પાપ કોઈ નથી’’. છતાં ખોટા કામો કરતા પણ ન અચકાતા હોય તેવા આધુનિકોના પ્રસંગ સાંભળવા મળે છે. ફલ સ્વરૂપ તિલક - માળા વગોવાય છે. ઘણાં કાર્ટૂનોમાં તો છેતરનાર વેપારીની ઓળખ વૈષ્ણવી તિલક કરીને જ બતાવાય છે. આથી આ માર્ગના કેટલાક વૈષ્ણવો તિલક-માળા જેવા આવશ્યક ચિહ્નો ધરતાં ખચકાય છે.

દયારામભાઈનું સ્મરણ થાય છે - ‘‘ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે’’

‘‘શાસ્ત્રમવગત્ય મનો વાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ’’ નિજાચાર્યના આ વાક્યનું સાંગોપાંગ આચરણ કરનારો પુષ્ટિપુલિનનો વાસ્તવમાં અધિકારી છે.

સંદર્ભ ગ્રંથો :

(૧) પ્રમેયરત્ન સંગ્રહ - ગો. શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધલાલજી

(૨) મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય વિરચિત તત્વાર્થદીપ નિબંધ અંતર્ગત શાસ્ત્રાર્થ પ્રકરણની વ્રજભાષા ટીકા - ગો. વા. સાંચોરા શ્રીગોકુલદાસજી

(૩) જીવન મંગલ - શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી

(૪) ષોડશગ્રંથનું આચમન ભાગ-૧ ગો. વા. શ્રી રમેશભાઈ પરીખ

(૫) પુષ્ટિ પુલિન - શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી

(૬) જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી - ચરિત્ર - ઉપદેશ સાર - ગ્રન્થો - લેખિકા પૂ.અ.સૌ. શ્રી વ્રજલતા વહુજી - વડોદરા.

(૭) સર્વોત્તમ પરની ટીકા - શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી કાંકરોલી

(૮) પુષ્ટિભક્તિ સુધા

।। જયશ્રીકૃષ્ણ ।।

સ્વ. અ.સૌ. પારૂલબેન કિશોરભાઈ શાહ

શ્રી કિશોરભાઈ એમ. શાહ

પીયૂષ કિશોરભાઈ શાહ **ભાવિકા પીયૂષ શાહ**

મિતુલ કિશોરભાઈ શાહ **પ્રિયંકા મિતુલ શાહ**

આરવ પીયૂષ શાહ

૧૨૦, પ્રિતમ સોસાયટી-૨, ભરૂચ.

સ્વ. ઈન્દ્રવદન લલ્લુભાઈ શાહ

સ્વ. જડાવબેન ઈન્દ્રવદન શાહ

તથા પરિવારના

।। જયશ્રીકૃષ્ણ ।।

આ. પુ. વૈ. પ. ભરૂચ શાખાને વૈષ્ણાવો તરફથી પુસ્તક પ્રકાશન નિભાવ ખર્ચ પેટે સહાય મળેલ છે અને તેઓના અમો અભારી છીએ. તેઓશ્રીએ સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને જયશ્રીકૃષ્ણ પાઠવ્યા છે.

૧. પ.ભ. શ્રી ડૉ. કલ્પેશ, જૈમિની તથા પરિવાર.
૨. પ.ભ. ગં.સ્વ. સતબાળાબેન કે. શેઠ તથા પરિવાર.
૩. પ.ભ. શ્રીમતી કોકીલાબેન મહેન્દ્રભાઈ શાહ તથા પરિવાર.
૪. પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ મણીલાલ શાહ તથા પરિવાર.
૫. પ.ભ. શ્રીમતી અલ્કાબેન ઉમેશભાઈ શાહ
૬. પ.ભ. પ્રેરણાબેન શૈલેન્દ્રભાઈ શાહ
૭. પ.ભ. ગો. હિરાભાઈ મગનભાઈ ગાંધી
૮. પ.ભ. ગો. ચંપકલાલ હિંમતલાલ ગાંધી
૯. પ.ભ. શ્રી નિતિનભાઈ ચન્દુલાલ પટેલ
૧૦. પ.ભ. શ્રી વિમલભાઈ ધીમંતભાઈ મહેતા
૧૧. પ.ભ. શ્રીમતી વંદનાબેન ગોપાલકૃષ્ણ શાહ
૧૨. પ.ભ. શ્રી સુરેશભાઈ સોમાલાલ શાહ
૧૩. પ.ભ. શ્રીમતી પ્રફુલાબેન જવાહરલાલ પરીખ
૧૪. પ.ભ. શ્રી નિકુંજકુમાર રસિકલાલ શાહ

૧૫. પ.ભ. શ્રી કલ્પેશ પૂંજાલાલ શાહ
૧૬. પ.ભ. શ્રીમતી ઉષાબેન રજનીકાંત પરીખ
૧૭. પ.ભ. શ્રી દક્ષેશકુમાર પૂંજાલાલ શાહ
૧૮. પ.ભ. શ્રી વિનેશકુમાર બંસીલાલ દોશી
૧૯. પ.ભ. શ્રી બિપીનચંદ્ર ઈશ્વરલાલ શાહ
૨૦. પ.ભ. ગો. ચંદુલાલ ગોરધનદાસ શાહ (ઝનોરવાલા)
૨૧. પ.ભ. શ્રી અલ્પેશકુમાર જ્યંતીલાલ ગાંધી
૨૨. પ.ભ. શ્રીમતી ગોપીબેન નટવરલાલ શર્મા
૨૩. પ.ભ. શ્રી સંજય અનીલકુમાર પરીખ
૨૪. પ.ભ. શ્રી પન્નાલાલ શેઠ તથા પરિવાર
૨૫. પ.ભ. શ્રીમતી સરજૂબેન રોહિતકુમાર મસાણી
૨૬. પ.ભ. શ્રીમતી રમીલાબેન કિશોરભાઈ શાહ
૨૭. પ.ભ. શ્રીમતી પ્રભાબેન ચીમનલાલ લુનાગરીયા
૨૮. પ.ભ. શ્રીમતી વિણાબેન જગદીશચંદ્ર મોદી
૨૯. પ.ભ. શ્રીમતી શોભનાબેન અરવિંદભાઈ શાહ
૩૦. પ.ભ. શ્રીમતી સુધાબેન મહેશભાઈ ઠાકોર
૩૧. પ.ભ. શ્રીમતી આશાબેન દેસાઈ
૩૨. પ.ભ. શ્રી પ્રદીપ એમ. શાહ

૩૩. પ.ભ. શ્રી કાંતિભાઈ વિ. લુનાગરીયા
૩૪. પ.ભ. શ્રી અનિલ એચ. શાહ
૩૫. પ.ભ. શ્રી વિપુલભાઈ ચીમનલાલ દલાલ
૩૬. પ.ભ. શ્રીમતી જ્યોત્સનાબેન ગોપાલભાઈ શાહ
૩૭. પ.ભ. શ્રીમતી ગીતાબેન ગોવિંદભાઈ પરીખ
૩૮. પ.ભ. શ્રીમતી ગીતાબેન પ્રફુલભાઈ શાહ
૩૯. પ.ભ. શ્રીમતી દત્તાબેન કૌશિકભાઈ ઝવેરી
૪૦.પ.ભ. શ્રીમતી જ્યોત્સનાબેન તોલાટ
૪૧. પ.ભ. શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ પટેલ
૪૨. પ.ભ. શ્રી પ્રભુદાસ જમનાદાસ ભાયાણી
૪૩. પ.ભ. શ્રીમતી રંજનબેન ચોક્સી
૪૪. પ.ભ. શ્રીમતી ચંદનબેન પી. શાહ
૪૫. પ.ભ. શ્રીમતી નલિનીબેન વસંતલાલ સોની
૪૬. પ.ભ. શ્રીમતી મિનાક્ષીબેન વિરેશભાઈ શાહ
૪૭. પ.ભ. શ્રીમતી બિનાબેન કેતુલભાઈ શાહ
૪૮. પ.ભ. શ્રી હિતેશભાઈ શાહ

।। જયશ્રીકૃષ્ણ ।।

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका